શૈશવ

# શૈશવ

# ૨૦૨૫-૨૬ - વાર્ષિક અહેવાલ

બાળકો વિશેષ કરીને તકવંચિત બાળકોના સર્વાંગી શિક્ષણ અને વિકાસ માટે શૈશવ દ્વારા કાર્ય શરુ કર્યાને આ વર્ષે ૩૨ વર્ષ પૂર્ણ થયા! અનેકવિધ પ્રયોગો અને કાર્યો થયા તો ઉતાર-ચઢાણ પણ આવ્યા પરંતુ બાળકો સાથે ચાલ્યા તેનો આનંદ છે અને રંજ પણ છે. હજુ કેટકેટલું કરવાનું બાકી છે!

૨૦૨૫-૨૬ના વર્ષ દરમ્યાન ભાવનગરમાં અને નર્મદા જિલ્લાના ડેડીયાપાડા વિસ્તારમાં બાળકોની સર્વાંગી કેળવણીનો કાર્યક્રમ સઘન પ્રવૃતિઓ સાથે ચાલી રહ્યો હતો જેમાં જીવન કૌશલ્યો, તરુણાવસ્થામાં થતા શારીરિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો, વિષય આધારિત શૈક્ષણિક પ્રવૃતિઓ વગેરે અંગેની વધુ વિગત આ અહેવાલમાં પાછળ આપી છે. આ ઉપરાંત વર્ષ દરમ્યાન થયેલ કેટલીક વિશિષ્ટ પ્રવૃતિઓ-કાર્યક્રમ અંગેની વાત અહિયાં મૂકી છે.

## મલ્ટી પરપઝ મોબાઈલ રીસોર્સ સેન્ટર

૨૦૧૮માં નર્મદા વિસ્તારના ડેડીયાપાડા વિસ્તારના બાળકો સાથે કાર્ય શરુ કર્યું ત્યારથી હતું કે અહિંયા પણ ભાવનગરની જેમ મોબાઈલ વાન હોય તો બાળકોને મઝા પડી જાય, એ ઇચ્છાની પૂર્તિ થઇ ૨૦૨૫ના જુલાઈની’ બીજી તારીખના રોજ સ્વિટ્ઝર્લેન્ડની સંસ્થા ASED (Action Solidaire pour l’Éducation et le Développement) ના સહયોગથી મલ્ટી પરપઝ મોબાઈલ રીસોર્સ સેન્ટર મોબાઈલ વાનનું લોકાર્પણ જાણીતા સાહિત્યકાર શ્રી મીનળબહેન દવેના વિશેષ સાનિધ્યમાં સંસ્થાના શુભેચ્છકો – મિત્રોની ઉપસ્થિતિમાં ડેડીયાપાડા ખાતે કરવામાં આવ્યું! આ મોબાઈલવાન લેપટોપ, લેબોરેટરી, લાયબ્રેરી, રમત ગમતના સાધનો, ટીવી, પ્રદર્શન જેવી અનેકવિધ સુવિધાઓ અને ૨૫ થી ૩૦ બાળકો પ્રવાસ કરી શકે તેવી વ્યવસ્થા ધરાવે છે.

આમ આદિવાસી વિસ્તારના બાળકોને કેળવણીની અધતન સુવિધાઓ પહોંચાડવાનો આ પ્રયાસ મહત્વનો બની રહ્યો છે.

## જીવન કૌશલ્ય તાલીમ શિબિર

બાળકોના સર્વાંગી કેળવણીના અનુસંધાનમાં જીવન કૌશલ્યોના વિકાસ પર મહત્વનો ભાર સંસ્થાની શરૂઆતથી આપવામાં આવી રહ્યો છે. આ માટે અનેકવિધ પ્રવૃતિઓ – રમતો વિકસાવી છે. આ અનુભવ અને જ્ઞાનનો લાભ વધુને વધુ સંસ્થાઓને મળે અને તેના દ્વારા વધુ બાળકો સુધી પહોંચાય તેને ધ્યાનમાં રાખી ૧૩ થી ૧૬મે’૨૦૨૫માં અમદાવાદમાં રાજ્ય સ્તરની જીવન કૌશલ્ય તાલીમ શિબિર ૪ દિવસની યોજવામાં આવી હતી, જેમાં ગુજરાતની ૯ સંસ્થાઓ ઉપરાંત હિમાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને તમિલનાડુની ચાર સંસ્થા મળી કુલ ૧૩ સંસ્થાના ૨૯ પ્રતિનિધિઓને તાલીમ આપવામાં આવી હતી, આ પ્રકારની તાલીમો અવાર-નવાર યોજતા રહેવાનું પણ નક્કી કરવામાં આવ્યું હતું.

## આંતરરાષ્ટ્રીય રમતગમત દિવસ અને બાળકોનો ઢંઢેરો :

શૈશવની જેમ દેશમાં જીવન કૌશલ્યો પર વિશેષ કાર્ય કરતી સંસ્થાઓ પણ અવારનવાર જુદા-જુદા માધ્યમોથી મળીને અનુભવોનું આદાન-પ્રદાન કરતી હોય છે તેમાં રાષ્ટ્રીય સ્તરે શૈશવ પણ સક્રિય યોગદાન આપતું રહ્યું છે.

રાષ્ટ્રસંઘ દ્વારા ૧૧ જુનના દિવસને આંતરરાષ્ટ્રીય રમત દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો ત્યારથી તેની ઉજવણી બાળકો સાથે કરવામાં આવી રહી છે. આ વર્ષે પણ ભાવનગર તથા ડેડીયાપાડાના બાળકો સાથે ઉજવવા ઉપરાંત બેંગ્લોરની એક સ્ટેપ તથા અન્ય સંસ્થાઓની સાથે મળી દેશના જુદા જુદા ભાગના બાળકો સાથે ચર્ચા કરી “રમતનો ઢંઢેરો” તૈયાર કરવામાં આવ્યો હતો તેમાં શૈશવ સક્રિય રીતે જોડાયું હતું. બાળકોને રમત માટે શું જોઈએ છે તેની વધુ વિગત પાછળ અહેવાલમાં આપી છે. આમ રાષ્ટ્રીય સ્તરે બાળકોના રમતગમતના અધિકારની વાત વધુ લોકો સુધી પહોંચે તે માટેના વિશેષ પ્રત્યનોમાં સામેલ થવાનો આનંદ છે.

## રાષ્ટ્રીય તથા રાજય બાળ અધિવેશનમાં બાળ પ્રતિનિધિત્વ :

વર્ષ ૨૦૦૮માં શૈશવ અને બાળકોના સંગઠન બાલસેનાના ઉપક્રમે દેશભરના બાળ સંગઠનોના પ્રતિનિધિ બાળકો સાથે પ્રથમ રાષ્ટ્રીય અધિવેશન યોજવામાં આવ્યું ત્યારબાદ નિયમિત રીતે બાળ પ્રતિનિધિઓના રાષ્ટ્રીય અધિવેશન યોજાતા રહ્યાં છે. જેમાંથી નેશનલ ફોરમ ફોર ચાઈલ્ડ પાર્ટીસીપેશન વિકસ્યું. આ વર્ષે શક્તિ વિડીયલ સંસ્થાના ઉપક્રમે તા.૨૨ થી ૨૪ મે’૨૦૨૫ દરમ્યાન મદુરાઈ ખાતે ૬ ઠું રાષ્ટ્રીય બાળ અધિવેશન યોજાયું હતું. જેમાં ૧૨ રાજયની જુદી જુદી સંસ્થાના બાળકો તથા કાર્યકરોએ ભાગ લીધો હતો. બાલસેનાના ૪ બાળકો સાથે સંસ્થાના બે કાર્યકર ભાઈ-બહેનોએ કાર્યક્રમમાં પ્રતિનિધિત્વ કર્યું હતું.

આ અધિવેશનમાં દેશના બંધારણ વિષે, સિદ્ધાંતો અને મૂલ્યો વિષેનું શિક્ષણ પ્રવૃતિઓના માધ્યમથી કરવામાં આવ્યું હતું. ઉપરાંત ઓનલાઈન સેફટી વિષે જાગૃત કરવામાં આવ્યા હતાં. બાળકોએ એક-મેકના અનુભવો અને નૂતન પ્રવૃતિઓ વિષે આદાન-પ્રદાન કર્યું હતું. મદુરાઈ ઉપરાંત રામેશ્વર તીર્થની બાળકોએ મુલાકાત લીધી હતી.

આ ઉપરાંત બાલસેનાના પ્રતિનિધિ બાળકોએ ભોપાલ ખાતે રાષ્ટ્રીય સ્તરે કાન્સર્ન ફોર વર્કિંગ ચીલ્ડ્રન દ્વારા આયોજિત લીડરશીપ કેમ્પમાં ભાગ લીધો હતો.

આ ઉપરાંત બાળ અધિકાર સમૂહ-ગુજરાતના ઉપક્રમે ગુજરાત રાજ્ય બાળ મંચ બાળકોનું ફોરમ પણ રચાયું છે તેમાં બાલસેનાના ૪ બાળકો તથા ૨ કાર્યકરો ૪ થી ૬ જુન દરમ્યાન અમદાવાદમાં યોજાયેલ કાર્યક્રમમાં પ્રતિનિધિત્વ કર્યું હતું. આ કાર્યક્રમમાં બાળસુરક્ષા તથા રાજ્યની બાળ સુરક્ષા નીતિ કેવી હોવી જોઈએ તે અંગેના સૂચનો બાળકોએ કર્યા હતા જે યુનિસેફના માધ્યમથી સરકારને મોકલવામાં આવ્યા હતાં.

## શૈશવ બાલદોસ્ત ફેલોશીપ કાર્યક્રમ :

બાળકો સાથે કાર્યોના અનુભવમાંથી અમે સમજ્યા છીએ કે બાળકો સાથે સર્વાંગી રીતે કાર્ય કરી શકે તેવા કુશળ કાર્યકરો મેળવવા પડકાર છે. આ મુદાને ધ્યાનમાં લઇ બે વર્ષનો બાલ દોસ્ત ફેલોશીપ કાર્યક્રમ શરુ કરવાના અનુસંધાનમાં સમગ્ર વર્ષ દરમ્યાન સંસ્થાની ટીમમાં ચર્ચા થતી રહી, આ દરમ્યાન ટીચ ફોર ઇન્ડીયાના TFix કાર્યક્રમની જાણકારી મળતાં ફેલોશીપ કેવી રીતે ચલાવી શકાય તે અંગે તેઓની સાથે પણ વાત થતાં સંસ્થાના ડીરેક્ટર પારુલબહેન વિશેષ રસ લઇ TFix કાર્યક્રમ સાથે સઘન રીતે જોડાઈ ફેલોશીપ કાર્યક્રમની ડીઝાઈનથી લઈને અમલીકરણ સુધીના મુદાઓ વિષે તૈયારીઓ કરી આ માટે ટીચ ફોર ઇન્ડિયાની ટીમ વિશેષ કરીને શ્રી નેહા ગુર્જરે સુંદર યોગદાન આપ્યું હતુ અને ફેલોશીપ કાર્યક્રમ તૈયાર કરવામ આવ્યો.

આ કાર્યક્રમ જુન’ ૨૦૨૬ થી શરુ થનાર છે પણ પૂર્વ તૈયારીના ભાગરૂપે ફેલોશીપનો અભ્યાસક્રમ, ફેલોની પસંદગી, ફિલ્ડ કાર્યનો અનુભવ વગેરે અનેક મુદ્દાઓ અંગેનું આયોજન વિગતો સાથે આ વર્ષમાં કરવામાં આવ્યું હતું. આમ આ નવત્તર કાર્યક્રમ શૈશવનું એક વિશેષ માઈલ સ્ટોન છે.

આ ઉપરાંત આત્મા સંસ્થા સાથે 3 વર્ષથી સહયોગ કરીને શૈશવની વિવિધ નીતિ-માર્ગદર્શિકાઓ થી લઈને સીસ્ટમ મજબૂત કરવાનું કાર્ય પણ કરતા રહેવામાં આવ્યું હતું.

## ગાઈડ સ્ટાર પ્રમાણપત્ર :-

ગાઈડ સ્ટાર ઇન્ડિયા સંસ્થાઓની જવાબદેહિતા, પારદર્શિતા, વિશ્વસનીયતાને લઈને કાર્ય કરે છે અને સંસ્થાઓના સંચાલનને પ્રમાણિત કરવાનું કાર્ય કરે છે, ગાઈડ સ્ટારના ધારા ધોરણો મુજબ શૈશવને પ્રમાણિત કરી સર્વોચ્ચ ‘પ્લેટીનમ’ પ્રમાણપત્ર એનાયત કર્યું હતું જે આપણા સૌ માટે આનંદ અને ગૌરવપૂર્ણ છે.

**આપણે ક્યારે શીખીશું, ક્યારે દુનિયાના લોકો ઉભા થશે ને કહેશે બસ, બહુ થયું, પ્રભુએ આપણને હળીમળીને રહેવા માટે સર્જ્યા છે, એકબીજા માટે સર્જ્યા છે. આપણને વિશેષ જાતિઅભિમાન માટે નહી, પરંતુ પારસ્પારિકતા માટે સર્જ્યા છે.**

**- ડેસમન્ડ ટુટુ**

# કેળવણીનો નૂતન પ્રયોગ – બાલસેના

એકતા-સમાનતા, મૈત્રી અને સહભાગિતાના મૂલ્યો સાથે ૨૦૦૩માં બાળકોના સંગઠન સ્વરૂપે શરુ કરેલ આ કાર્યક્રમ ચઢાવ-ઉતાર વચ્ચે પણ સાતત્યપૂર્ણ રીતે ૨૨ વર્ષ પૂરા કરી ૨૩માં વર્ષમાં પ્રવેશ્યો તે આપના સૌ માટે આનંદ અને ગૌરવરૂપ છે.

બાળકો કેવળ ગોખણીયું જ્ઞાન જ ન મેળવતા જીવન વ્યવહાર અને નાગરિક શિક્ષણની સર્વાંગી તાલીમ મેળવે અને તે માટે તેઓ પહેલ કરે તે રીતે કાર્યક્રમ વિકસતો રહ્યો છે.

બાલસેનાના બાળકો સાથે આ વર્ષ અનેકવિધ પ્રવૃતિઓ થઇ છે તે પૈકીની મહત્વની પ્રવૃતિઓની વાત તથા કામગીરીની આંકડાકીય માહિતી અહિંયા આપવા પ્રયત્ન કર્યો છે.

## વેકેશન શિબિર :

દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉનાળુ વેકેશન દરમ્યાન ભાવનગરના જે વિસ્તારોમાં પ્રવૃતિઓ થાય છે ત્યાં વેકેશનને ધ્યાનમાં રાખી સવિશેષ પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી. ૪ મે થી ૩૧ મે દરમ્યાન ૧૩ વિસ્તારોના ૩૦૯ બાળકો પ્રવૃતિઓમાં જોડાયા હતા.

બાળકો તર્કબદ્ધ રીતે વિચારતાં થાય, સર્જનાત્મક કૌશલ્ય વિકસે, ટીમ બિલ્ડીંગ થાય, નેતૃત્વ લેતા થાય, આત્મ વિશ્વાસ વધે તે માટે વિવિધ બોર્ડ ગેમ્સની સાથે જાતે બનાવોના સિધ્ધાંત આધારિત 'મિકેનો' ગેમ્સ-પ્રસિદ્ધ લોગો ગેમ્સના બોક્સ દ્વારા વિવિધ મોડેલ તૈયાર કરવાનાં પ્રોજેક્ટ કર્યા હતાં.

આ ઉપરાંત એવરેસ્ટ શિખર સર કરનાર પ્રથમ આદિવાસી વિદ્યાર્થીના પ્રેરણાત્મક જીવન આધારિત ફિલ્મ 'પૂર્ણા' બાળકોને બતાવવામાં આવી હતી.

વેકેશન શિબિરની પૂર્ણાહૂતિ ૧ જૂન' ૨૦૨૫ના રોજ શ્રી દોલત અનંત વળિયા સ્કૂલના પ્રાંગણમાં સ્કાઉટ-ગાઈડ પ્રવૃતિઓ માટે જીવન ન્યોછાવર કરનાર શ્રી અજયભાઈ ભટ્ટના અતિથીવિશેષ પદે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગ બાળકોએ સાંસ્કૃતિક કૃતિઓની રજૂઆતો કરી પૂર્ણાહૂતિને યાદગાર બનાવી દીધો હતો.

## નેતૃત્વ તાલીમ શિબિર

દર વર્ષે બાળકોની સર્વાંગી કેળવણીના ભાગરૂપે નિવાસી તથા બિન નિવાસી શિબિરો અલગ અલગ વિષય – થીમ આધારિત યોજવામાં આવતા હોય છે.

આ વર્ષે ત્રણ-ત્રણ દિવસની ૨ નિવાસી શિબિરો તથા એક દિવસની ૮ બિન નિવાસી શિબિરો યોજવામાં આવી હતી.

પ્રથમ નિવાસી શિબિર ૧ થી ૩ જુન'૨૫ દરમ્યાન બાલસેનાના સક્રિય ૬૦ બાળકો સાથે 'પર્યાવરણ' ના વ્યાપક મુદ્દાને લઈને યોજી હતી. જેમાં બાળકો અનેકવિધ પ્રવૃતિઓના માધ્યમથી કચરાનું વર્ગીકરણ, કોસ્મેટીક પ્રોડક્ટ્સમાં કેવા કેવા રસાયણોનો વપરાશ થાય છે – તેનાથી થતા નુકસાન, જંકફૂડ અને તેમાં વપરાતી વસ્તુઓ અને નુકસાનથી લઈને સમગ્ર પૃથ્વી પર કેવી અસરો થઇ રહી છે તે અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી. જ્યારે બીજી નિવાસી શિબિર ૩ થી ૫ નવેમ્બર'૨૫ દરમ્યાન ભારતનું બંધારણ અને આમુખ અંગે પ્રવૃતિઓ આધારિત ચર્ચા દ્વારા સહભાગી થયેલ ૩૮ બાળકોને સમજણ આપવામાં આવી હતી.

આ ઉપરાંત ભાવનગરના ઐતિહાસિક વારસાને ઓળખે તે માટે હેરિટેજ વોકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્ષે એક દિવસની ૮ તાલીમ શિબિર પર્યાવરણ અને બાળ અધિકારોને સમજવા અનેકવિધ પ્રવૃતિઓ સાથે યોજવામાં આવી હતી. જેમાં ૩૬૯ બાળકો સહભાગી થયા હતાં.

## નેશનલ ફોરમ ફોર ચાઈલ્ડ પાર્ટીસીપેશન – મદુરાઈમાં પ્રતિનિધિત્વ :

૨૦૦૮માં ભાવનગરમાં શૈશવ બાલસેનાના ઉપક્રમે દેશના જુદા જુદા રાજ્યોની બાળકો સાથે કાર્ય કરતી સંસ્થાઓ દ્વારા રચાયેલા બાળ સંગઠનોના બાળ પ્રતિનિધિઓનું પ્રથમ અધિવેશન યોજવામાં આવ્યું અને પછીના વર્ષોમાં બાળ અધિવેશન અન્ય રાજ્યોમાં પણ યોજાતા ગયા અને શક્તિ વિડીયલ સંસ્થાના ઉપક્રમે મદુરાઈમાં રાષ્ટ્રીય ૬ઠું બાળ અધિવેશન ૨૨ થી ૨૪ મે'૨૦૨૬ દરમ્યાન યોજાયું. તેની સ્ટીયરીંગ સમિતિમાં શૈશવમાંથી પારુલબહેન અને ઈશાબહેને સેવાઓ આપી હતી, જયારે બાલસેનામાંથી નિધિ, દેવ, દિક્ષિતા અને ધ્રુવ -૪ બાળકોએ પ્રતિનિધિત્વ કરી ગૌરવ વધાર્યું હતું.

અલગ-અલગ રાજ્યમાંથી આવેલ બાળ પ્રતિનિધિઓ વચ્ચે જ્ઞાન-અનુભવોના આદાન-પ્રદાન ઉપરાંત વિશેષ કરીને ભારતના બંધારણ વિષે વિવિધ પ્રવૃતિઓ દ્વારા માર્ગદર્શન દ્વારા 'વિવિધતામાં એકતા'ના સંદેશને સૌ બાળકોએ ઝીલ્યો હતો.

## ગુજરાત બાળમંચ :

બાળકો સાથે કાર્ય કરતી ગુજરાતની સંસ્થાઓનું સ્વૈચ્છિક પ્લેટફોર્મ છે: બાળ અધિકાર સમૂહ-ગુજરાત અને તેના ઉપક્રમે આ વિવિધ સંસ્થાના બાળકોના પ્રતિનિધિ બાળકો વર્ષે એક-બે વાર મળે તે માટે કાર્યક્રમો યોજવામાં આવે છે અને તેમાંથી બાળકો માટે ગુજરાત બાળમંચની રચના થઇ છે.

આ વર્ષે ૪ થી ૬ જુન'૨૦૨૫ દરમ્યાન અમદાવાદમાં ગુજરાત બાલમંચનો કાર્યક્રમ યોજાયો હતો તેમાં શૈશવ બાલસેનાના ૪ બાળકો કિંજલ, કિશન, હેમાંશી અને ધાર્મિક તથા ૨ કાર્યકરો પ્રતિનિધિત્વ કર્યું હતું.

આ કાર્યક્રમમાં બાળ સુરક્ષા એટલે શું? બાળકોની સલામતી માટે શું કરવું જોઈએ તે અંગે વિવિધ પધ્ધતિઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા બાળ સુરક્ષા નીતિ તૈયાર કરવા માટે નાગરિકો પાસેથી સૂચનો મંગાવવામાં આવ્યા હતા તેને ધ્યાનમાં રાખી બાળકોએ પોતાના મંતવ્યો અને મૂલ્યો કર્યા હતા જેને યુનિસેફ દ્વારા સંકલિત કરવામાં આવ્યા હતા. આમ રાજ્ય સ્તરે બાલસેનાએ પ્રતિનિધિત્વ કરી ગૌરવ વધાર્યું હતું.

## આંતરરાષ્ટ્રીય રમત દિવસની ઉજવણી અને બાળકો દ્વારા રમતગમતનો ઢંઢેરો :

ગયા વર્ષે ૧૧ જુનને આંતરરાષ્ટ્રીય રમત દિવસ તરીકે રાષ્ટ્ર સંઘે જાહેર કરી બાળકોના રમત ગમતના અધિકારને વિશેષ ટેકો આપ્યો છે. આ વર્ષે પણ ૧૧ જુન આંતરરાષ્ટ્રીય રમત દિવસના ઉપક્રમે શૈશવ બાલસેના દ્વારા ૮ થી ૧૪ દરમ્યાન ૪ શાળાના ૮૪૬ બાળકો સાથે તથા ૧૨ વિસ્તારના ૩૪૬ બાળકો સાથે ઉજવણી કરી બાળકોને જીવન વિકાસમાં રમતગમતનું શું મહત્વ છે અને રમતોના માધ્યમથી જાગૃત કરવામાં આવ્યા હતા.

## પ્લે મેનિફેસ્ટો - રમતગમતનો ઢંઢેરો :

આ ઉપરાંત દેશમાંથી ૨૨ સંસ્થાઓ સાથે મળી બેંગ્લોરની એકસ્ટેપ અને રીચ તથા શિક્ષાર્થના વિશેષ સંકલનમાં પોત પોતાના વિસ્તારના બાળકો સાથે વિવિધ પ્રવૃતિઓના માધ્યમથી બાળકોની રમતગમત માટે શું જોઈએ છે? શા માટે જોઈએ છે.? કેવા પડકાર છે? રમતનું જીવનમાં કેવું મહત્વ છે? તેવા પ્રશ્નો-માન્યતાઓ અને વલણો છે તે સમજે અને પોતાની વાતને પોતાના મંતવ્યોને ઢંઢેરા સ્વરૂપે તૈયાર કરી સમાજ સમક્ષ મૂકે તે માટે પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

શૈશવ બાલસેનાના ૫૩ સક્રિય બાળકો સાથે તૈયારીઓ કર્યા પછી ૫ થી ૮ ઓગસ્ટ દરમ્યાન ભાવનગરના ૧૬ વિસ્તારોમાં ૨૪૭ બાળકો સાથે રમતગમત માટે અમારી ઇરછા-અપેક્ષાઓ અને રમત માટે શું જોઈએ છે? સહયોગ કરી મંતવ્યો જાણવાની પ્રવૃતિઓ કરવામાં આવી હતી જેમાં જૂથચર્ચા, રમત માટે સપનાનું મેદાન અને તેના આધારે પોસ્ટર બનાવવા, લેખ લખવો, નાટ્યરૂપાંતર વગેરે દ્વારા પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

મંતવ્યો જાણી શકાય અને રમતને ધ્યાનમાં રાખીને બાળકોને કેવા કેવા પ્રકારની મુશ્કેલી અનુભવી રહ્યા છે તે જાણવા માટે પોસ્ટરો અને જૂથ ચર્ચાઓ દ્વારા બાળકો માટે તેમના સ્વપ્નના રમતના મેદાનોની કલ્પના કરવા માટે એક જગ્યા બનાવી. તેમના વિચારોમાં વૃક્ષો, ઝૂલાઓ અને સ્લાઇડ્સવાળા મોટા, સ્વચ્છ મેદાનો, ક્રિકેટ અને બાસ્કેટબોલ સુવિધાઓ, નાના અને મોટા બાળકો માટે અલગ વિસ્તારો, કમ્પાઉન્ડ દિવાલો, લાઇટિંગ, શૌચાલય, પીવાનું પાણી, સ્ટોરરૂમ અને સલામતીના પગલાંનો સમાવેશ થાય છે. તેઓએ કોચ, સુરક્ષા અને ઘરોની નજીક, ફેક્ટરીઓ અને પાણી ભરાવાથી દૂર રમતના મેદાનોની જરૂરિયાત પણ વ્યક્ત કરી.

બાળકોની અભિવ્યકિત ભાવનાત્મક હતી. તેઓએ શેર કર્યું કે પડોશીઓ ઘણીવાર તેમની રમતો બંધ કરવા માટે શેરીઓમાં પાણી રેડતા હતા, છોકરીઓ માતાપિતા અને દાદા-દાદી તરફથી પ્રતિબંધોનો સામનો કેવી રીતે કરતી હતી, અને સલામત મેદાનના અભાવે નાના બાળકોને કેવી રીતે બાકાત રાખતા હતા. ઘણા લોકોએ ટ્યુશન અને સ્કૂલના દબાણ વિશે વાત કરી, જેના કારણે રમવા માટે ઓછો સમય બચતો હતો. ઘણા લોકોએ મોબાઇલના વ્યસન પર પણ પ્રતિબિંબ પાડ્યું, કહ્યું કે તે સમયનો બગાડ કરે છે, ઘરમાં ઝઘડાઓ પેદા કરે છે અને આક્રમકતા પણ તરફ દોરી જાય છે. છતાં, બાળકોએ વારંવાર કહ્યું: "રમવું એ અમારો અધિકાર છે. અમે સલામત, ખુલ્લી જગ્યાઓ ઇચ્છીએ છીએ જ્યાં દરેક બાળક ભય કે પ્રતિબંધો વિના મુક્તપણે રમી શકે."

સર્વેક્ષણમાં બહાર આવ્યું છે કે ૨૪% બાળકો દરરોજ રમી શકતા નથી, ૩૭% બાળકો પાસે નજીકમાં રમવાની જગ્યાઓનો અભાવ છે, અને ૪૩% બાળકો જ્યાં રમે છે ત્યાં અસુરક્ષિતતા અનુભવે છે. ચીડવવું, પ્રતિબંધો અને અભ્યાસના દબાણ જેવા ભાવનાત્મક અવરોધો સામાન્ય છે, સલામતીની ચિંતાઓ અને સામાજિક નિરાશાને કારણે છોકરીઓ વધુ પડકારોનો સામનો કરે છે.

ભાવનગરમાં પ્લે મેનિફેસ્ટો પ્રક્રિયાએ સ્પષ્ટપણે દર્શાવ્યું હતું કે જ્યારે બાળકો રમતને ખૂબ મહત્વ આપે છે, ત્યારે ઘણા અવરોધો તેમને તેમના અધિકારોનો આનંદ માણતા અટકાવે છે. તેમના સૂચનો - સલામત અને સમાવિષ્ટ રમતના મેદાનો, છોકરીઓ માટે સમાન સ્વતંત્રતા, રમવા માટે વધુ શાળા સમય અને માતાપિતાનો ટેકો, રમતને દરેક બાળકના જીવનનો સુરક્ષિત અને આવશ્યક ભાગ બનાવવાનો માર્ગ બતાવે છે.
આવી જ પ્રક્રિયા નર્મદા જિલ્લાના ડેડીયાપાડા વિસ્તારના બાળકો સાથે કરવામાં આવી હતી જેની વધુ વિગતો 'આરણ્યક' વિભાગમાં આપેલ છે.

## સામુહિક નેતૃત્વ શિક્ષણ-ચૂંટણી:

બાળકોના સંગઠન-બાલસેનાના બાળકો નેતૃત્વના ગુણો અને જવાબદારીને સમજે, દરેકના અભિવ્યકિત અને સહભાગિતાના અધિકારને આદર આપે, શાસન પધ્ધતિઓમાં લોકશાહીની અમૂલ્યતાને જાણે સમજે અને નેતૃત્વના સંબંધો અને કાર્યો-જવાબદેહિતા વિષે સહભાગી થાય તેવા હેતુથી કેળવણી આપવાના સંદર્ભમાં દર વર્ષે ચૂંટણીઓ થાય છે.
આ વર્ષે પણ પ્રથમ તો વિસ્તારોમાં કેપ્ટન, વાઇસ કેપ્ટન અને કોર ગૃપ મળી ૪ બાળકોને ૫૦-૫૦% જેન્ડર બેલેન્સને ધ્યાનમાં રાખી નક્કી કરેલા માપદંડ આધારિત ચૂંટણી યોજવામાં આવી હતી. ૧૬ વિસ્તારમાંથી ચૂંટાઈ આવેલ બાળકોની કાઉન્સિલની રચના થાય અને કાઉન્સિલના સભ્યો અધ્યક્ષ-ઉપાધ્યક્ષની માપદંડ આધારિત પારદર્શિત ચૂંટણી કરતા હોય છે.
આ ચૂંટણીઓના ભાગરૂપે તેઓની સાથે વિવિધ શાસન પદ્ધતિઓ, તેમાંથી કઈ શ્રેષ્ઠ કે પછી નાગરિકોની ભૂમિકા અને જવાબદારી અને ચૂંટાયેલા પ્રતિનિધિઓની ભૂમિકા અને જવાબદારીઓ વિષે તાલીમો થાય
આ વર્ષે તા.૦૫ સપ્ટેમ્બર'૨૫ના રોજ જાણીતા પત્રકાર, પર્વતારોહ્ક અને યાત્રી જિજ્ઞેશભાઈ ઠાકરના સાંનિધ્યમાં અધ્યક્ષ-ઉપાધ્યક્ષની થયેલ ચૂંટણીમાં ૬ બાળકોએ ઉમેદવારી નોધાવી હતી તેમાંથી ખારા વિસ્તારની દિક્ષિતા અધ્યક્ષ તરીકે અને ફુલસર વિસ્તારમાંથી અનુજ ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા હતાં.

## વાર્ષિકોત્સવ :

બાળકોના સ્વાયત સંગઠન બાલસેનાનો ૨૨મો વાર્ષિકોત્સવ ૨૫ ડીસેમ્બર'૨૫ ના રોજ ઉજવવામાં આવ્યો હતો. દર વર્ષની જેમ આ વર્ષે "વિવિધતામાં એકતા" ની થીમ આધારિત પ્રવૃતિઓ કરવામાં આવી હતી.
સવારે ૮ વાગે પ્રથમ રેલી નીકળી હતી અને બાળકોએ સ્થળ પર પહોંચી ધ્વજવંદન કર્યું હતું ત્યારબાદ બાળકો નાના-નાના જૂથમાં વહેંચાઇ અલગ-અલગ રૂમોમાં પહોંચ્યા હતા જ્યાં સક્રિય સીનીયર બાળકો અને કાર્યકરોએ તેઓને વિવિધતામાં એકતા એટલે શું? રાષ્ટ્રીય પ્રતિકો વિષે, બંધારણનું આમુખ અને તેના મૂલ્યો વિષે પ્રવૃત્તિ-જૂથ ચર્ચા કરાવી હતી ત્યારબાદ ભોજન વિરામ પછી આયોજિત સંમેલનમાં ૧૬ વિસ્તારના બાળકોએ ૧૬ રાજ્યોની સંસ્કૃતિ, ખોરાક, વિશિષ્ટતાઓ, મહાનુભાવો વગેરે વિષે તૈયાર કરેલ સંવાદ, નૃત્ય કે નાટ્ય રૂપાંતરો કે દ્રશ્યશ્રાવ્ય સાધનોની મદદ સાથે સુંદર રીતે રજુ કરી ભારતની વિવિધતાની ઝાંખી કરાવી ઉત્સાહમય વાતાવરણ બનાવી દીધું હતું. આ ઉપરાંત બાલસેનાના જે બાળકોએ રાજ્ય કે રાષ્ટ્રીય સ્તરે પ્રતિનિધિત્વ કર્યું હોય, કોઈ વિશિષ્ટતા સિદ્ધ કરી હોય તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ આ પ્રસંગે શૈશવ સાથે જોડાયેલ શાળાઓનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું.
આ કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે વિવેકાનંદ રીસર્ચ અને ટ્રેનિંગ ઇન્સ્ટીટયુટના ટ્રસ્ટી શ્રી નીતિનભાઈ દવેએ બાળકોને અભિનંદન પાઠવી વિવિધતામાં એકતાને કેવીરીતે જોવી તે અંગે પ્રેરક સંબોધન કર્યું હતું.
સમગ્ર કાર્યક્રમ માટે શ્રી દોલત અનંત વળિયા સ્કૂલ સંકુલના મેનેજમેન્ટનો ઉમદા સહયોગ મળ્યો હતો.

## બાળ અધિકાર સપ્તાહ :

૧૪ નવેમ્બર રાષ્ટ્રીય બાળ દિવસથી લઇ ૨૦ નવેમ્બર આંતરરાષ્ટ્રીય બાળ અધિકારને લઈને દર વર્ષની જેમ બાળ અધિકારોની જાગૃતિ માટે બાળ અધિકાર સપ્તાહની ઉજવણી શાળાઓમાં તથા વિસ્તારોમાં કરવામાં આવી હતી.
આ બાળ અધિકાર સપ્તાહના ભાગરૂપે ૧૨ શાળાના ૩૦૫૭ વિદ્યાર્થીઓ અને ૫૧ શિક્ષકો સાથે કાર્યક્રમ યોજ્યાં હતા જયારે ૧૬ વિસ્તારો ઉપરાંત પીલગાર્ડન અને સરદારનગર જેવા જાહેર સ્થળો મળીને ૧૮ વિસ્તારમાં ૭૪૪ બાળકો તથા ૧૨૨ વયસ્કો સાથે કાર્યક્રમ યોજ્યા હતાં.

## કિશોરી સંમેલન :

તરુણાવસ્થામાં થતાં શારીરિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો અને સુરક્ષાને લઈને શૈશવમાં નિયમિત પ્રવૃતિઓ દ્વારા તરુણોનું સશક્તિકરણ થતું રહે છે. દર વર્ષની જેમ આ વર્ષે “હું અને મારી ઓળખ” થીમ આધારિત કિશોરીઓ સાથે સંમેલન ૨૮ ડીસેમ્બર’૨૫ ના રોજ ઓળખ સંસ્થા વડોદરાના ટ્રસ્ટી મહિલા અધિકારના કાર્યશીલ નિમિષાબહેન દેસાઈના મુખ્ય મહેમાન પદે યોજવામાં આવ્યું હતું જેમ ૧૪૧ કિશોરીઓ ઉપસ્થિત રહી અનેકવિધ પ્રવૃતિઓ દ્વારા પોતાની સ્વ ઓળખ કેવી રીતે બનાવવી તે અંગેની જાગૃતિ કેળવી હતી.

## તરુણાવસ્થા જાગૃતિ અને સુરક્ષા કાર્યક્રમ :

તરુણાવસ્થામાં થતા શારીરિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારોને સમજવા અને વર્તન-વ્યવહાર, વલણોમાં વૈજ્ઞાનિક અભિગમને આધારે ઘડતર થાય તેમજ સુરક્ષાને મુદ્દાને લઈને શૈશવ દ્વારા કિશોરીઓ સાથે વિશેષ કાર્યક્રમ વર્ષોથી ચાલી રહ્યો છે.

કિશોરીઓના સશક્તિકરણ માટે સંસ્થાના કાર્યકરો પોતે તાલીમ પ્રાપ્ત કરી કિશોરીઓની તાલીમ આપવાનું કાર્ય તો કરે છે પરંતુ વિસ્તારોમાંથી લીડરશીપમાં આગળ આવી રહેલ સક્રિય કિશોરીઓને તાલીમ આપી તાલીમકાર તરીકે તૈયાર કરવામાં આવે છે. અને આ તાલીમકાર કિશોરીઓ નેતૃત્વ લઇ વિસ્તારની અન્ય કિશોરીઓને કાર્યકરોના માર્ગદર્શન હેઠળ તાલીમ આપવાનું કાર્ય કરે છે.

આ વર્ષે તાલીમકારો માટેની કુલ ૬ તાલીમમાં ૩૧ કિશોરીઓ નિયમિત રીતે તાલીમમાં જોડાઈ હતી. તેઓના દ્વારા ૬ વિસ્તારની ૪૦૬ કિશોરીઓને તાલીમ આપવામાં આવી હતી.

આ ઉપરાંત કાર્યકરો દ્વારા વિસ્તારોમાં ૮૮ સત્રો યોજીને ૯૭૩ કિશોરીઓને તાલીમ આપવામાં આવી હતી. જયારે ૪ શાળામાં ૭ સત્રોના આયોજન દ્વારા ૩૪૪ કિશોરીઓને તાલીમ આપવામાં આવી હતી.

સાતત્યપૂર્ણ રીતે ચાલતા આ કાર્યક્રમમાં દર વર્ષે નવ નવા મુદ્દાઓને આવરી લેવામાં આવે છે. આ વર્ષે તરુણાવસ્થા થતા શારીરિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો ઉપરાંત સ્વસ્થ મિત્રતા, મારી ઓળખ, સમસ્યાનો ઉકેલ, નિર્ણય કેવી રીતે લેવો, સુરક્ષા ચક્ર, બાળલગ્ન, બાળમજૂરી ઉપરાંત સરકારની વિવિધ યોજનાઓની માહિતી વગેરેને આવરી લેવામાં આવ્યા હતાં.

આ ઉપરાંત શૈશવ દ્વારા આંતરરાષ્ટ્રીય કક્ષાનો કિશોરીઓની સલામતી અંગેનો વિશેષ ‘વેનલીડો’ સ્વરક્ષણ અંગેનો અભ્યાસક્રમ વિકસાવવામાં આવ્યો છે. જેની તાલીમો નિયમિત રીતે થતી રહેતી હોય છે. આ વર્ષે ૩ દિવસની ૪ બેઝીક તાલીમમાં કુલ ૭૮ કિશોરીઓ (૮ થી ૧૨ વર્ષનું વયજૂથ) તથા ૫ પરિચય તાલીમ ૫ શાળાઓમાં યોજવામાં આવી હતી જેમાં ૧૯૩ કિશોરીઓએ ભાગ લીધો હતો.

## નિયમિત પ્રવૃતિઓ :

આગળ જણાવેલ પ્રવૃતિઓ ઉપરાંત સમગ્ર વર્ષ દરમ્યાન દર અઠવાડીયે નિયમિત રીતે ૧૩ શાળાઓ અને ૧૬ વિસ્તારોમાં અનેકવિધ પ્રવૃતિઓ યોજાતી રહી છે જેમાં શૈક્ષણિકની સાથો સાથ જીવન કૌશલ્યો, પર્યાવરણ, બાળ અધિકારો, તરુણાવસ્થામાં થતા શારીરિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો વગેરે મુખ્ય હતાં.

ઉપરાંત વિવિધ વિષય આધારિત બાળમેળા, રમતોત્સવ, જાહેર સ્થળોની મુલાકાતો, સમાજની વિવિધતાને જાણવા-સમજવા વિવિધ ઉત્સવોની ઉજવણીની સાથો સાથ લોકજાગૃતિ માટે વાલીઓ સાથે મુલાકાતો, ફળિયા મીટીંગ વગેરે નિયમિત રીતે યોજવામાં આવે છે.

વિશેષ તો બાળકોનું સહભાગી નેતૃત્વ વિકસે, જાતે વિચારતા થાય, નિર્ણય કરતા થાય તેમજ અરસપરસની મૈત્રી વિકસે તે માટે બાળકો દ્વારા દર મહીને તેઓની કાઉન્સિલ મીટીંગ યોજાય તેમાં તેઓએ શું શીખવું છે? નવી કેવી પ્રવૃતિઓ હાથ ધરવી છે? કેવા પ્રશ્નો પડકારો આવે છે તેની ચર્ચા વિચારણા કરતા હોય છે. આ ઉપરાંત પોતાના વિસ્તારમાં દર મહીને બાળકો પોતાની મીટીંગ તથા કાર્યક્રમનું આયોજન જાતે કરતાં હોય છે. આમ તેઓનું સહભાગી નેતૃત્વ વિકસતું રહે છે.

**પ્રેમની શરૂઆત ઘરથી થાય છે અને આપણે કેટલું કરીએ છીએ તે નહીં પરંતુ કેટલા પ્રેમપૂર્વક તે કરીએ છીએ તે અગત્યનું છે. તો ચાલો આપણે હંમેશા પરસ્પર સ્મિત સાથે મળીએ, કેમ કે સ્મિત તે પ્રેમની શરૂઆત છે અને એક વખત આપણે પરસ્પર સ્વાભાવિક પ્રેમ આપીશું તો આપણે કંઇક કરવા ઇચ્છીશું.**

**- મધર ટેરેસા**

## આંકડાકીય માહિતી :

| ક્રમ | વિષય-પ્રવૃત્તિ | પ્રવૃતિની સંખ્યા | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | વિસ્તારમા થયેલ વિવિધ પ્રવૃતિઓ સરેરાશ દર અઠવાડિયે સહભાગી બાળકો | ૫૮૧ | ૨૦૬ | ૨૪૦ | ૪૪૬ |
| ૨ | શાળામાં થયેલ વિવિધ પ્રવૃતિઓ સરેરાશ દર અઠવાડિયે સહભાગી બાળકો | ૯૭૪ | ૭૧૭ | ૭૫૫ | ૧૪૭૧ |
| ૩ | નિવાસી શિબિર | ૨ | ૫૦ | ૪૦ | ૯૦ |
| ૪ | એક દિવસીય શિબિર | ૮ | ૧૮૦ | ૧૮૯ | ૩૬૯ |
| ૫ | બાળમેળા | ૮ | ૧૮૫ | ૨૫૧ | ૪૩૬ |
| ૬ | એક્સ્પોઝર વીઝીટ | ૪૫ | ૬૦૩ | ૬૮૩ | ૧૨૮૬ |
| ૭ | રમતોત્સવ | ૨ | ૩૨૩ | ૩૧૫ | ૬૩૮ |
| ૮ | કિશોરી સંમેલન | ૧ | --- | ૧૪૧ | ૧૪૧ |
| ૯ | મહિલા સંમેલન | ૧ | --- | ૩૫ | ૩૫ |
| ૧૦ | કિશોરી મંડળ | ૮૮ | --- | ૯૭૩ | ૯૭૩ |
| ૧૧ | કિશોરી મંડળ તાલીમકારોની તાલીમ | ૬ | --- | ૧૮૪ | ૧૮૪ |
| ૧૨ | કિશોરી અવસ્થાના સેશન (સ્કૂલમાં) | ૬ | ૧૦ | ૧૩૦ | ૧૪૦ |
| ૧૩ | વેકેશન શિબિર | ૧ | ૧૪૨ | ૧૬૭ | ૩૦૯ |
| ૧૪ | વેકેશન પૂર્ણાહુતિ કાર્યક્રમ | ૧ | ૭૨ | ૧૦૯ | ૧૮૧ |
| ૧૫ | વાર્ષિક કાર્યક્રમ | ૧ | ૧૯૬ | ૨૬૬ | ૪૬૨ |
| ૧૬ | ઉત્સવ ઉજવણી | ૯૨ | ૧૦૪૪ | ૧૨૫૧ | ૨૨૯૫ |
| ૧૭ | ફળિયા મીટીંગ (વાલી સાથે) | ૪૮૦ | ૮૫૫ | ૨૫૦૮ | ૩૩૬૩ |
| ૧૮ | વેનલીડો ઇન્ટ્રોડકશન તાલીમ સ્કૂલ<br>વેનલીડો બેઝીક તાલીમ વિસ્તાર | ૬<br>૪ | ---<br>--- | ૧૯૩<br>૭૮ | ૧૯૩<br>૭૮ |
| ૧૯ | વેનલીડો પ્રેક્ટીસ ગ્રુપ | ૧૦ | | ૯૬ | ૯૬ |
| ૨૦ | ચાઈલ્ડ રાઈટ વિકની ઉજવણી (વિસ્તાર) | ૧ | ૨૦૯ | ૨૩૬ | ૪૫૫ |
| | ચાઈલ્ડ રાઈટ વિકની ઉજવણી (શાળા) | | ૫૧ (શિક્ષકો) | | ૩૦૦૬ (બાળકો) |
| | ચાઈલ્ડ રાઈટ વિકની ઉજવણી (જાહેર સ્થળ) | | ૧૨૨ (નાગરિક) | | ૬૬ (બાળકો) |
| | **બાળકો દ્વારા કાર્યક્રમ** | | | | |
| ૧ | કાઉન્સિલ સક્રિય મીટીંગ | ૧૩ | ૨૨૩ | ૨૭૪ | ૪૯૭ |
| ૨ | બાળકો દ્વારા મીટીંગ | ૧૬૦ | ૨૦૭૧ | ૨૪૦૨ | ૪૪૭૩ |
| ૩ | બાળકો દ્વારા કાર્યક્રમ | ૪૬ | ૫૬૯ | ૭૧૭ | ૧૨૮૬ |
| ૪ | ચૂંટણી કાર્યક્રમ | ૧ | ૩૧ | ૩૫ | ૬૬ |
| ૫ | આંતરરાષ્ટ્રીય રમત દિવસ ઉજવણી | ૧ | ૫૯૩ | ૫૯૯ | ૧૧૯૨ |
| ૬ | સ્કૂલમાં બાળમેળા | ૩ | ૧૯૦ | ૧૨૮ | ૩૧૮ |
| | **બાલસેનાના બાળકોએ કરેલ પ્રતિનિધિત્વ** | | | | |
| ૭ | ગુજરાત બાલમંચ | ૧ | ૨ | ૨ | ૪ |
| ૮ | ૬ રાષ્ટ્રીય અધિવેશન (મદુરાઈ તમિલનાડું) | ૧ | ૨ | ૩ | ૪ |
| ૯ | નેતૃત્વ તાલીમ રાષ્ટ્રીય શિબિર, ભોપાલ | ૧ | ૧ | ૧ | ૨ |

# આરણ્યક કાર્યક્રમ

શૈશવના ૨૫ વર્ષ પુરા થયા ત્યારે સંસ્થા સાથે જોડાયેલ કાર્યકરો પૈકીના કેટલાક કાર્યકરોએ ગામડામાં અને એમાંય વિશેષ કરીને આદિજાતિ બાળકોના સર્વાંગી વિકાસમાં કંઈક યોગદાન કરી શકાય તેવા હેતુથી સંકલ્પબધ્ધ થતાં ૨૦૧૮ થી નર્મદા જિલ્લામાં ડેડીયાપાડા તાલુકામાં કાર્યની શરૂઆત કરી હતી.

૨૦૨૫-૨૬માં આ વિસ્તારમાં કાર્યરત આશ્રમશાળામાં ચાલી રહેલાં કાર્યનું વિસ્તરણ કરતાં ૧૬ આશ્રમશાળાઓમાં આરણ્યક પ્રવૃત્તિઓ ચાલી રહી છે.

૨૦૨૫-૨૬નું વર્ષ શૈશવના કાર્ય માટે વિશેષ બની રહ્યું છે. ભાવનગરમાં ૧૯૯૬ થી મલ્ટી પરપઝ મોબાઈલ રીસોર્સ મોબાઈલ વાનનો સફળ પ્રયોગ શરુ કર્યો. બાળકો માટેની પ્રિય 'પીળી બસ' ના અનુભવોનું વિસ્તરણ ડેડીયાપાડામાં થયું. અહિના બાળકોને નૂતન ભેટ સ્વરૂપે સ્વિટ્ઝર્લેન્ડની ASED સંસ્થાના આર્થિક સહયોગથી મલ્ટી પરપઝ મોબાઈલ રીસોર્સ સેન્ટર-મોબાઈલ વાનનું લોકાપર્ણ ૨ જુલાઈના રોજ સંસ્થાના શુભેચ્છકો અને જાણીતા સાહિત્યકાર અને લેખક શ્રી મીનળબહેન દવેના વિશેષ સાનિધ્યમાં કરવામાં આવ્યું અને આ મોબાઈલ વાન બાળકોમાં અત્યંત પ્રિય બની ગઈ ! આ મોબાઈલ વાન વિજ્ઞાન અને વિવિધ વિષયના શૈક્ષણિક સાધનો, ટોયઝ અને ગેમ્સ, પુસ્તકાલય, કમ્પ્યુટર શિક્ષણ માટે લેપટોપ-ટીવી જેવા ઓડીયોવિઝયુઅલ સાધનોથી લઈને ટેન્ટ અને સ્ટેજ વગેરે સુવિધાઓ સાથે તો સુસજ્જ છે, ઉપરાંત પરંતુ બાળકો પ્રવાસ કરી શકે તેવી વ્યવસ્થા પણ છે. આમ આ નૂતન પ્રયોગ બાળકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

આ મોબાઈલ વાન પ્રવૃતિઓના ખજાના અને ટીમ સાથે દર અઠવાડિયે નિયત સમયપત્રક મુજબ આશ્રમશાળાઓની મુલાકાત લઇ બાળકોને જાત-જાતની પ્રવૃતિઓ સાથે જોડવામાં મહત્વનું યોગદાન આપી રહી છે.

## વેકેશન શિબિર :

આશ્રમ શાળાઓમાં ઉનાળુ વેકેશન શરુ થાય એટલે ટીમના સભ્યો સાથે નવા વર્ષનું આયોજન, તાલીમ વગેરે ગોઠવાય અને સાથોસાથ ડેડીયાપાડા તાલુકાના ગામોમાં બાળમેળા દ્વારા બાળકોના ઘર આંગણે પ્રવૃતિઓ યોજાય.

આ વર્ષે અંધશ્રધ્ધા નિર્મૂલનના પ્રયોગો દ્વારા જાગૃતિ માટેની પ્રવૃતિઓ ઉપરાંત વિજ્ઞાનના સિધ્ધાંતો સમજાય તેવા લો કોસ્ટ અને આજુબાજુના પરિસરમાંથી મળી રહે તેવા સાધનો દ્વારા 'જાતે કરો' પ્રયોગ પ્રવૃતિઓ, પેપરક્રાફ્ટ, ડ્રોઈંગ, શેરી નાટક અને ગીતો અને મૈત્રીની રમતો દ્વારા જીવન કૌશલ્ય શિક્ષણ મળે તેવી અનેકવિધ પ્રવૃતિઓ ગામોમાં કરવામાં આવી  હતી અને તેમાં કુલ ૯૮૭ બાળકોએ ભાગ લીધો હતો.

## રમતો અંગે બાળકોના મંતવ્યોનો ઢંઢેરો :

૧૧ જુન આંતરરાષ્ટ્રીય રમત દિવસના ઉપક્રમને લઈને બાળકો સાથે વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું જયારે હાલમાં રમતો અંગેના પ્રશ્નો-પડકારો તથા બાળકોને શું જોઈએ છે તેને ધ્યાનમાં લઇ રાષ્ટ્રીય સ્તરે કેટલીક સંસ્થાઓની સાથે રહી દેશના બાળકો શું ઇચ્છે છે તે જાણવા-સમજવાનો પ્રયત્ન આશ્રમશાળાના બાળકો સાથે કર્યો જેમાં ૧૯૧૮ બાળકોએ પોતાના મંતવ્યો વિવિધ પ્રવૃતિઓ દ્વારા રજુ કર્યો હતાં. આ મંતવ્યો તેમજ ભાવનગરના બાળકો દ્વારા મળેલ મંતવ્યો વગેરેને રાષ્ટ્રીય સ્તરે એક સ્ટેપ અને રીચ સંસ્થાની સાથે સંકલન કરી બાળકોનો રમત અંગેનો રાષ્ટ્રીય ઢંઢેરો તૈયાર કર્યો હતો. આમ આ રાષ્ટ્રીય કાર્યક્રમમાં ડેડીયાપાડાની આશ્રમશાળાના બાળકો સહભાગી થયા હતાં.

## બાળ અધિકાર સપ્તાહ :

૧૪ નવેમ્બર રાષ્ટ્રીય બાળદિન અને ૨૦ નવેમ્બર આંતરરાષ્ટ્રીય બાળ અધિકાર દિનને લઈને બાળ અધિકાર સપ્તાહની ઉજવણી નિયમિત રીતે કરવામાં આવે છે. આ વર્ષે આશ્રમશાળાઓ ઉપરાંત ગામોમાં વિવિધ પ્રવૃતિઓ જેમ કે ગેમ્સ, ફિલ્મ અને ગીતો દ્વારા બાળ અધિકાર જાગૃતિનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

## શૈક્ષણિક અને વિકાસલક્ષી પ્રવૃતિઓ :

૧૬ પૈકીની 3 આશ્રમશાળામાં દૈનિક ધોરણે શૈક્ષણિક પ્રવૃતિઓ બાળકોને શિક્ષણમાં વિશેષ પૂરક વહાય મળે તેમજ તેઓના ટીચર ગૃપની રચના કરવા તથા શીખવાની પ્રક્રિયા આનંદદાયી છે તેને ધ્યાનમાં લઈને કરાવવામાં ચાલી રહી છે. નાની ઉંમરના બાળકો લાંબો સમય ઘર અને કુટુંબથી દૂર રહેતા હોવાથી તેઓને માનસિક તાણ અનુભવતા હોય છે ત્યારે આ પ્રકારનો સહયોગ ફળદાયી બની રહે છે.

ધો. ૧ થી ૫ ની બે આશ્રમશાળા તથા ધો. ૯ની એક આશ્રમશાળાના કુલ મળીને ૧૭૬ બાળકો સાથે દૈનિક કાર્ય કરવાથી તેઓના શૈક્ષણિક સ્તરમાં ઘણો બદલાવ જોવા મળી રહ્યો હતો જયારે તેઓનો આત્મ વિશ્વાસ વધવાથી સાથે કાર્યકરને મિત્ર માણી બધી જ વાતો શેર કરી રહ્યાં છે.

આ આશ્રમશાળામાં પાયાના શિક્ષણના ભાગરૂપે ગણિત, ભાષા પર પ્રવૃતિઓ સાથે વિશેષ કાર્ય કરવામાં આવ્યું જયારે ધો-૫ ના બાળકો સાથે ગણિત-વિજ્ઞાન પર કાર્ય કરવામાં આવ્યું હતું.

બાળકો પોતાની લાગણીઓની અભિવ્યકિત માંડ ૧૦% જ કરતા હતા તેમાં સુધારો થઈને ૬૦% જેટલા બાળકો પોતાની લાગણીઓને સહજતાથી વ્યક્ત કરતા થયા છે.

બાળકો ભાષા, ગણિત જેવા વિષયોને અનેકવિધ પ્રવૃતિઓથી શૈક્ષણિક કાર્ય થતું હોવાથી સારી રીતે ગ્રહણ કરી રહ્યાં છે અને વધુ આત્મવિશ્વાસ ડર વગર તેઓ શીખવાના પ્રયત્નો સારી રીતે કરી રહ્યાં છે.

જે ત્રણ આશ્રમશાળામાં દૈનિક પ્રવૃતિઓ કરાવવામાં આવી રહી છે તે બાળકોનું સતત મૂલ્યાંકન કરતા જોવા મળ્યું કે ધો. ૧ થી ૩ ના બાળકોમાં આકાર-રંગો વિષે ૧૦% થી લઈને ૮૫% સરવાળા-બાદબાકી, ગુણાકાર વગેરેમાં ૧૫% થી ૭૦% અને એ આંકડાની સંખ્યા ઓળખવામાં ૧૦% થી ૬૬% સુધારો જોવા મળ્યો હતો જયારે ધો. ૪-૫ માં ગણિતમાં ૨૦% થી ૭૪.૫% અને તાર્કીક સમજણમાં ૨૦% થી ૮૦% જેટલો સુધારો જોવા મળ્યો હતો, જયારે મોટા બાળકોમાં વાંચનક્ષમતા ૨૦% થી ૯૪% સુધારો જોવા મળ્યો હતો.

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ૧૦ જીવન કૌશલ્યો વાત વધુ સારું સુરક્ષિત જીવન જીવવા માટે તૈયાર કરવામાં આવ્યા છે. આ ૧૦ જીવન કૌશલ્યોના મુદ્દાઓને વિવિધ રમતોના માધ્યમથી શીખવવામાં આવી રહ્યાં છે પરિણામે બાળકોની અભિવ્યકિત, આત્મવિશ્વાસ, પારસ્પારિક સંબંધો, અસરકારક વાતચીત, સાંભળવાનું કૌશલ્ય વગેરેમાં હકારાત્મક ફેરફારો જોવા મળી રહ્યાં છે.

આ ઉપરાંત ખાસ કરીને ધો. ૫ થી ૮ ના વિદ્યાર્થીઓ સાથે કિશોરાવસ્થામાં થતા શારીરિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો અને સુરક્ષા અંગે વિવિધ પ્રવૃતિઓ કરાવવામાં આવી રહી છે જેથી ઉંમરની સાથે થતા ફેરફારોને ચિંતિત થયા વગર વૈજ્ઞાનિક સમજણ સાથે સ્વીકારી શીખી રહ્યાં છે.

## લેપટોપ દ્વારા શિક્ષણ :

આ બાળકો માટે મોબાઇલ વાનમાં બેસી લેપટોપ દ્વારા શીખવું તેમના માટે જીવનનો પ્રથમ અનુભવ બની રહ્યો! આ પ્રવૃત્તિ વિશેષ આકર્ષણ બની રહી છે. તેમાં પણ યુએસએ સ્થિત સ્કૂલ વિદ્યાર્થીની શાહ અરિહના દ્વારા કમ્પ્યુટર શિક્ષણ મળે તે અનુભવ અદભૂત બની રહ્યો! અરિહનાએ સ્વ્યંસેવક તરીકે સેવાઓ આપી, અગાઉ તેના ભાઈ ઓમ શાહે પણ આ રીતે કમ્પ્યુટર શિક્ષણ કરાવ્યું હતું. ઇન્ટરનેટના માધ્યમથી બીજા દેશમાંથી કોઈ શીખવતું હોય તે અનુભવ આશ્રમશાળાના બાળકો માટે અનન્ય હતો. આમ મોબાઈલ વાન ‘મોબાલાઈઝેશન’નું પ્રતિક બની છે.

## અન્ય આશ્રમશાળાઓ સુધી વિસ્તરણ :

ડેડીયાપાડા તાલુકાની ૧૬ આશ્રમશાળામાં તો નિયમિત પ્રવૃતિઓ ચાલે પરંતુ કેટલીક આશ્રમશાળાઓ જે દૂર છે અને નિયમિત જતાં નથી ત્યાં અમે દર બે-ત્રણ મહીને જવાનું આયોજન કર્યું અને તે રીતે ર આશ્રમશાળાના ૨૫૦ વિદ્યાર્થીઓને વિષય આધારિત બાળમેળા, ફિલ્મ શો, પ્રદર્શન, મૈત્રીની રમતો વગેરે દ્વારા આવરી લેવામાં આવ્યા હતા.

આગામી વર્ષથી વધારે આશ્રમશાળાઓ સુધી સેવાઓ પહોંચે તેનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

**જો શક્ય હોય તો જ્યાં સુધી તમારામાં જીવન હોય**
**ત્યાં સુધી બધા માણસો સાથે શાંતિપૂર્વક જીવો.**

**- ડો. આલ્બર્ટ સ્વાઇત્ઝર**

## આંકડાકીય માહિતી :

ધો. ૧ થી ૯ની ૧૬ આશ્રમશાળાના ૧૨૯૩ છોકરા તથા ૧૧૮૨ છોકરીઓ મળીને ૨૪૭૫ વિદ્યાર્થીઓને સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ પ્રવૃતિઓ હેઠળ આવરી લેવામાં આવ્યા હતાં.

| ક્રમ | પ્રવૃત્તિ | પ્રવૃત્તિ સંખ્યા | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | બાળમેળા | ૩૪ | ૮૨૧ | ૮૦૭ | ૧૬૨૮ |
| ૨ | શૈક્ષણિક પ્રવૃતિઓ (અઠવાડિક / દૈનિક) | ૬૫૨ | ૭૨૯ | ૬૫૯ | ૧૨૮૮ |
| 3 | જીવન કૌશલ્યો | ૬૭૭ | ૧૧૯૯ | ૧૧૬૬ | ૨૩૬૫ |
| ૪ | કમ્પ્યુટર શિક્ષણ | ૭૩ | ૪૬૬ | ૩૯૫ | ૮૬૧ |
| ૫ | ફિલ્મ શો | ૬૮ | ૮૦૮ | ૭૬૪ | ૧૫૭૨ |
| ૬ | પ્રદર્શન | ૩૩ | ૭૮૨ | ૭૧૮ | ૧૫૦૦ |
| ૭ | પુસ્તકાલય | ૩૮ | ૪૧૬ | ૪૦૮ | ૮૨૪ |
| ૮ | રમતગમત | ૨૨ | ૨૨૭ | ૨૩૮ | ૪૬૫ |
| ૯ | બાળ અધિકાર | ૩૭૪ | ૫૮૪ | ૫૮૬ | ૧૧૭૦ |
| ૧૦ | રમત ગમત ઢંઢેરો | ૫૭ | ૧૦૦૬ | ૯૧૨ | ૧૯૧૮ |
| ૧૧ | જૂથ ચર્ચા | ૧૫ | ૧૬૫ | ૧૬૧ | ૩૨૬ |
| ૧૨ | બાળ અધિકાર સપ્તાહ | ૩૮ | ૪૬૫ | ૩૭૬ | ૮૪૧ |

# બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્ર

વર્ષ ૨૦૨૫-૨૬ બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્ર દ્વારા શૈશવના કાર્યકરોની ક્ષમતાવર્ધન તાલીમો ઉપરાંત અન્ય સંસ્થાના કાર્યકરો અને બાળકો સાથે તાલીમો ઉપરાંત વિવિધ કાર્યક્રમોમાં સહભાગિતા ઉપરાંત રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે આયોજિત કાર્યોમાં અગ્રણી ભાગ ભજવ્યો હતો.

## શૈશવના કાર્યકરોનું ક્ષમતાવર્ધન :-

બાળકોના સર્વાંગી વિકાસમાં કાર્યકરોની ભૂમિકા અત્યંત મહત્વની છે અને એટલે જ કાર્યકરો સાથે દર વર્ષે સાતત્યપૂર્ણ રીતે તાલીમો યોજાતી રહે છે.

આ વર્ષે કાર્યકરો સાથે શૈશવ ઓરીએન્ટેશન ઉપરાંત સવિશેષ તો બાળ અધિકારો, જીવન કૌશલ્યો, કિશોરાવસ્થા અને સુરક્ષા, વેનલીડો (સ્વરક્ષણ), માનસિક સ્વાસ્થ્ય, ક્રાફ્ટ, બાળમેળા, અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન જેવા વિષયો ઉપરાંત સંસ્થાના વિઝન – મિશન અને આયોજન પ્રક્રિયા વિષે દર મહિને નિયમિત તાલીમો યોજવામાં આવી હતી. આ વર્ષે ૧૪ તાલીમો યોજાઇ હતી જેમાં સરેરાશ ૧૮ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## શૈશવ દ્વારા અન્ય સંસ્થાઓને તાલીમ :

દર વર્ષની જેમ આ વર્ષે પણ ગુજરાત તથા ગુજરાત રાજ્ય બહારની મળીને ૧૬ સંસ્થાના ૧૪૧ કાર્યકરો અને ૧૫૫૭ બાળકોને જીવન કૌશલ્યો, કિશોરાવસ્થા અને સુરક્ષા, સ્વરક્ષણ અને મૈત્રીની રમતો અંગેની વિશેષ તાલીમ શૈશવની સિનિયર ટીમ દ્વારા આપવામાં આવી હતી.

## આદાનપ્રદાન :-

